


## શ્રી મિલનભાઇ શાહ

નિવૃત્ત આચાર્ય
અનડા બી.એડ. કોલેજ, આણંદ.


પ્રતિ,
ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ
નારાયણ વિદ્યાલય, ભરૂચ

નારાયણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત, નારાયણ વિદ્યાલય, ભરૂચ મુકામે શિક્ષકોનાં ૧૮મા અમૂલ્ય અને ભારતીય સંસ્કૃતિ, ભારતીય સંસ્કારો, ભારતીય મૂલ્યો અને ભારતીય કૌશલ્યો આધારિત જ્ઞાનસત્રમાં મુખ્ય મહેમાન તરીકે બે દિવસ અવિસ્મરણીય લાભ મળ્યો. શાળાનાં શિક્ષકોનું (ક્રિયાત્મક સંશોધન) વિષયમાં બે દિવસ જ્ઞાનસત્ર યોજાયું. જેમાં દરેક શિક્ષક શાળાની અલગ-અલગ સમસ્યા લઇ તેનાં અંગે ક્રિયાત્મક સંશોધન કરી તેમના અહેવાલની રજૂઆત ૮૫ શિક્ષકો દ્વારા ૮૫ સંશોધનનાં અહેવાલ સંશોધન માળખા પ્રમાણે થઇ. એક અતિ મહત્વનું કાર્ય આ સંસ્થાનાં ટ્રસ્ટીઓ, ડાયરેક્ટર શ્રી ભગુભાઇ પ્રજાપતિ સાહેબ તેમજ સર્જકોનાં સર્જક એવા શાળાનાં શિક્ષકોએ શિક્ષણ સંસ્કૃતિની એક પ્રણાલી પ્રસ્થાપિત કરેલ છે. એનો મને વ્યકિતગત રીતે ખૂબ જ આનંદ સાથે આશ્ચર્ય પણ થયેલ છે. જ્ઞાન, ચરિત્ર અને સંસ્કૃતિની ત્રિવેણીનાં મિલનથી જ શિક્ષણ તીર્થરાજ પ્રયાગ બને છે. આ સંસ્થા એ સાચા અર્થમાં શિક્ષણનું તીર્થધામ છે. જ્ઞાનાર્જનને જ શિક્ષણ કહેવાય તેમજ જ્ઞાન જીવનની પ્રગતિ, વિકાસ, વૃદ્ધિ અને સંપન્નતા તેમજ જીવનનું લક્ષ્ય પણ છે. જ્ઞાનનાં પ્રકાશથી જ જીવનનાં તમામ પાસાં વિકસિત થાય છે અને નારાયણ વિદ્યાલયનો મુખ્ય વિઝન અને મિશન પણ એ છે કે "તમસો મા જ્યોર્તિગમય" તેનો અર્થ થાય "મને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જાઓ." આ સંસ્કૃત શ્લોક બૃહદારણ્યક ઉપનિષદમાંથી લેવાયેલ છે, એ શ્લોક આ પ્રમાણે છે.

**"ૐ અસતોમાં સદ્‌ગમય, તમસો મા જયોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતં ગમય."**
**ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

શિક્ષણ કેવળ બૌદ્ધિક જ્ઞાનાર્જન નથી. પરંતુ જીવન નિર્માણનું વ્યાપક સ્વરૂપ છે. શિક્ષણ દ્વારા જ સંસ્કૃતિનું રૂપાંતરણ સંસ્કારોમાં, સંસ્કારોનું રૂપાંતરણ મૂલ્યોમાં અને મૂલ્યોનું રૂપાંતરણ ભારતીય કૌશલ્યોમાં થાય છે. આ પ્રક્રિયાને કારણે જ વ્યકિત અને સમગ્ર સમાજનું જીવન પ્રગતિ, વિકાસ, વૃદ્ધિ અને સંપન્નતા હાંસલ કરીને સમૃદ્ધ થાય છે. શિક્ષણ જ વ્યકિતને સભ્ય અને સંસ્કૃત બનાવે છે. શિક્ષણ આધ્યાત્મિક સંસ્કારની સામાજિક પરંપરા છે અને એટલે જ શિક્ષણ સંસ્કૃતિની એક પ્રણાલી છે. જ્ઞાનોપાર્જન તથા અન્વેષણનાં સ્વરૂપે આ ૧૮મા જ્ઞાનસત્રમાં ક્રિયાત્મક સંશોધનોનાં જે અહેવાલ રજૂ થયા તેના દ્વારા શાળાનાં શિક્ષકોને સંશોધનનાં સંદર્ભમાં એક આગવી સૂઝ, ડહાપણ, પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન મળશે એવી મને અતૂટ શ્રદ્ધા છે.

શિક્ષણ સંસ્થાનાં એક અધ્યાપક તરીકે મને આ જ્ઞાનસત્રનો વિશિષ્ટ અનુભવ થયો છે. વિદ્યાર્થીઓનાં ભણતર, ગણતર અને ઘડતરની એક અનન્ય સંસ્થા જોવા મળી તેનો અનેરો આનંદ છે. આ અનુભવ પૂરો પાડવા બદલ હું ટ્રસ્ટીશ્રીઓ, ડાયરેક્ટરશ્રીનો હ્રદયથી આભાર વ્યકત કરું છું.

**આપનો સ્નેહાધિન,**
**મિલનભાઇ શાહ**




**ક્રિયાત્મક સંશોધન સિધ્ધાંત અને વ્યવહાર વચ્ચે સેતુ છે.**